સામાજિક અને શૈક્ષણિક રીતે
પછાત વર્ગો માટે અનામત.

---

"ઉન્નત વર્ગો" ને બાકાત રાખવા
માટેના માપદંડો.

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ.
ઠરાવ ક્રમાંક:-સશપ/૧૧૯૪/ખા.૧૦૯/અ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૧-૧૧-૧૯૯૫.

<u>વંચાણે લીધા:-</u>

(૧) સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક:-બીસીઆર-૧૦૭૮/૧૩૭૩૪/હ. તા.૧-૪-૭૮
(૨) સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક:-સશપ/૪૩૯૪/૧૯૧/અ, તા.૨૩-૨-૯૪.
(૩) સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક:-સશપ/૪૩૯૪/૧૯૧/અ, તા.૧૨-૭-૯૪
(૪) સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક:-સશપ-૪૩૯૪/૧૯૧(૧)/અ,તા.૧૨-૭-૯૪.
(૫) સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક:-સશપ-૧૧૯૪-૧૪૧૧-અ. તા.૨૫-૭-૯૪.

<u>ઠ રા વ :-</u>

ઉપર આમુખ ક્રમાંક:-(૧)માં દર્શાવેલ સમાજ કલ્યાણ વિભાગના તા.૧-૪-૭૮ના ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે કરવામાં આવેલી અનામતની જોગવાઈઓમાં ક્રમાંક-(૨)માં દર્શાવેલ તા.૨૩-૨-૯૪ના ઠરાવથી વધારો કરીને ૨૭ % અનામતની જોગવાઈ કરતા હુકમો કરવામાં આવ્યા છે, ત્યાર બાદ વખતો વખતના સમાજ કલ્યાણ વિભાગના ઠરાવોથી આ તથા આમુખ ક્રમાંક-(૪)માં દર્શાવેલ તા.૧૨-૭-૯૪ના ઠરાવથી નકકી કરેલી અનામતની જોગવાઈ રાજયની સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની અન્ય વધુ જાતિઓ/વર્ગોને લાગુ કરતા હુકમો પણ કરવામાં આવ્યા છે. ઉપર સંદર્ભવાળા તા.૨૩-૨-૯૪ના ઠરાવના ફકરા-૫માં જણાવ્યા અનુસાર સુપ્રિમકોર્ટ, રીટપીટીશન(સીવીલ) નં.૯૩૦-૧૯૯૦(ઈન્દ્ર સહાની અને અન્ય વિરુધ્ધ ભારત સરકાર)માં તા.૧૬-૧૧-૯૨ના રોજ આપેલા ચુકાદા મુજબ આ અનામતની જોગવાઈઓમાંથી સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકીના "ઉન્નત વર્ગો " (ક્રીમીલેયર)ને બાકાત રાખવાના માપદંડ નકકી કરવાની બાબત છેલ્લા ઘણાં સમયથી સરકારની વિચારણા હેઠળ હતી.

નવી સરકારે સત્તાના સુત્રો સંભાળ્યા બાદ આ માટે સમાજ કલ્યાણ વિભાગના તા.૧૪-૭-૯૫ના ઠરાવ ક્રમાંક:-સશપ/૧૧૯૪/ખા.૧૦૯/અ,થી માન. ઉદ્યોગ મંત્રીશ્રીના અધ્યક્ષપદે એક ઉચ્ચ અધિકાર સમિતિની રચના કરી હતી. આ સમિતિએ ભારત સરકારે નીમેલા જસ્ટીસ શ્રી પ્રસાદ સમિતિનો અહેવાલ, તે આધારે ભારત સરકારે અપનાવેલ માપદંડો તેમજ અન્ય કેટલાક રાજયોએ પણ અપનાવેલા માપદંડો વગેરેનો ઉંડાણપૂર્વક અભ્યાસ કર્યા બાદ ભારત સરકારે અપનાવેલ માપદંડો સ્વીકારવા અંગે રાજય સરકારને ભલામણ કરી છે.

કાળજીપૂર્વકની વિચારણાને અંતે સમિતિની આ ભલામણનો સ્વીકાર કરીને આ સાથેના પરિશિષ્ટના કોલમ-૩માં દર્શાવેલ વ્યકિતઓ/વર્ગોને અનામતની જોગવાઈમાંથી બાકાત રાખવાનું ( Rules of exclusions લાગુ કરવાનું) સરકાર આથી ઠરાવે છે. સરકારી સેવાઓમાં અને ઉચ્ચ શિક્ષણમાં શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશના તબકકે રાખેલી અનામતની જોગવાઈમાંથી આ "ઉન્નત વર્ગો " ને બાકાત રાખવાનું ઠરાવવામાં આવે છે.

તેમ છતાં કારીગર વર્ગ તથા વારસાગત વ્યવસાય/ધંધામાં રોકાયેલ વ્યકિતઓ (Persons working as artisans or engaged in hereditary occupation callings ) કે જેની યાદી હવે પછી બહાર પાડવામાં આવશે, તેમને અનામતની જોગવાઈમાંથી બાકાત રાખવાનો નિયમ ( Rules of exclusions ) લાગુ પડશે નહિ. તેમ પણ સરકાર ઠરાવે છે.

આ હુકમો તાત્કલિક અસરથી અમલમાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

ટી.સી.એ.રંગદુરાઈ<br>
અધિક મુખ્ય સચિવ,<br>
સમાજ કલ્યાણ અને આદિજાતિ<br>
વિકાસ વિભાગ(સમાજ કલ્યાણ )

પ્રતિ,<br>
-રાજયપાલશ્રીના સચિવશ્રી,<br>
મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી,<br>
તમામ મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રી/નાયબ મંત્રીશ્રી/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી,<br>
સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.<br>
સચિવાલયના તમામ વહીવટી વિભાગો.<br>
-અન્ય પછાત વર્ગો માટેનું પંચ, ગાંધીનગર.<br>
-રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.<br>
-સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.<br>
-સચિવશ્રી, તકેદારી આયોગ.<br>
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, જુના સચિવાલય, ગાંધીનગર.<br>
-સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.<br>
-સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.<br>
-સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.<br>
-સમાજ કલ્યાણ વિભાગ હેઠળના તમામ અધિકારીશ્રીઓ/ખાતાના વડાઓ/બોર્ડો/નિગમો.<br>
-તમામ જિલ્લા કલેકટરશ્રીઓ.<br>
-તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.<br>
-તમામ ખાતાના વડાઓ.<br>
-તમામ મામલતદારશ્રીઓ,<br>
-સમાજ કલ્યાણ વિભાગની તમામ શાખાઓ. -પસંદગી ફાઈલ.<br>
-પત્ર ધ્વારા.

# અનુસૂચિ.

(અસલ અંગ્રેજી ઠરાવનું ભાષાંતર.)

| ક્રમ. | કક્ષાનું વર્ણન. | બાકાત રાખવાનો નિયમ કોને લાગુ પડશે. |
|---|---|---|
| ૧. | ૨. | ૩. |
| ૧. | સંવિધાનીક હોદદા. | નીચે જણાવેલ વ્યકિતઓનાં પુત્ર/પુત્રો અને પુત્રી/પુત્રીઓ.<br>(ક) ભારતના રાષ્ટ્રપતિ,<br>(ખ) ભારતના ઉપરાષ્ટ્રપતિ,<br>(ગ) સર્વોચ્ચ અદાલત અને ઉચ્ચ અદાલતોના ન્યાયાધીશો.<br>(ઘ) સંઘ લોક સેવા આયોગ અને રાજય જાહેર સેવા આયોગના અધ્યક્ષ અને સભ્યો:- મુખ્ય ચુંટણી આયુકત, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ.<br>(ચ) સમાન પ્રકારના સંવૈધાનિક દરજજો ધરાવતી વ્યકિતઓ. |
| .. | સેવા કક્ષા.<br>ક. અખિલ ભારતીય કેન્દ્રીય અને રાજય સેવાઓ ના જૂથ-ક/ વર્ગ-૧ના (સીધી ભરતીથી નિમાયેલા.) | નીચે જણાવેલ વ્યકિતઓનાં પુત્ર/પુત્રો અને પુત્રી/પુત્રીઓ:-<br>(ક) માતા-પિતા બન્ને વર્ગ-૧નાં અધિકારીઓ હોય,<br>(ખ) માતા-પિતા બેમાંથી એક વર્ગ-૧ના અધિકારી હોય,<br>(ગ) માતા-પિતા બન્ને વર્ગ-૧નાં અધિકારી હોય, પરંતુ બેમાંથી એકનું મૃત્યું થયું હોય અથવા કાયમી અશકતતાથી પીડાતા હોય<br>(ઘ) માતા-પિતા બેમાંથી એક વર્ગ-૧ના અધિકારી હોય અને એમનું મૃત્યું થયું હોય અથવા તે કાયમી અશકતતાથી પીડાતા હોય તથા એમના મૃત્યુ કે આવી અશકતતા પહેલાં તેમને પંચ વર્ષથી ઓછા નહિ એટલા સમયગાળા માટે સંયુકત રાષ્ટ્ર, આંતર રાષ્ટ્રીય નાણા નિધિ, વિશ્વબેન્ક, વગેરે જેવાં કોઈપણ આંતરરાષ્ટ્રીય સંઘટનમાં નોકરીનો લાભ મળ્યો હોય.<br>(ચ) માતા-પિતા બન્ને વર્ગ-૧નાં અધિકારી હોય, તેઓ મૃત્યુ પામ્યાં હોય અથવા કાયમી અશકતતાથી પીડાતા હોય અને બન્નેના મૃત્યુ કે કાયમી અશકતતા પહેલાં બેમાંના એકને પાંચ વર્ષથી ઓછા નહિ તેટલા સમયગાળા માટે સંયુકત રાષ્ટ, આંતરરાષ્ટ્રીય નાણાં નીધિ, વિશ્વબેન્ક, વગેરે જેવા કોઈપણ આંતરરાષ્ટ્રીય સંઘટનમાં નોકરીનો લાભ મળ્યો હોય. પરંતુ નીચેના કેસોમાં બાકાત રાખવાનો નિયમ લાગુ પડશે નહિં.<br>(ક) માતા-પિતા બન્નેમાંથી એક અથવા બન્ને વર્ગ-૧નાં |

૧. ૨. ૩.

---

અધિકારી હોય અને આવાં માતા કે પિતાનું અથવા બન્નેનું મૃત્યુ થયું હોય અથવા તે કાયમી અશકતતાથી પીડાતાં હોય તેમનાં પુત્રો અને પુત્રીઓ.

(ખ) અન્ય પછાત વર્ગની કક્ષામાં આવતી હોય તેવી મહિલા, જેણે વર્ગ-૧ના અધિકારી સાથે લગ્ન કર્યા હોય અને જે પોતે નોકરી માટે અરજી કરવા ઈચ્છતી હોય.

(ખ) કેન્દ્રીય અને રાજય સેવાઓના જૂથ-ખ, વર્ગ-૨ના અધિકારીઓ (સીધી ભરતીથી નિમાયેલા. )

નીચે જણાવેલ વ્યકિતઓનાં પુત્ર/પુત્રો/અને પુત્રી/પુત્રીઓ-

(ક) માતા-પિતા બન્ને વર્ગ-૨ના અધિકારી હોય,

(ખ) માતા-પિતા બન્નેમાંથી ફકત પિતા વર્ગ-૨ના અધિકારી હોય અને તેણે ૪૦ મા વર્ષે કે તે પહેલાં વર્ગ-૧માં બઢતી મેળવી હોય.

(ગ) માતા-પિતા બન્ને વર્ગ-૨નાં અધિકારી હોય અને તેમાંના એકનું મૃત્યુ થયું હોય અથવા તે કાયમી અશકતતાથી પીડાતા હોય અને બન્નેમાંના એકને એમનાં મૃત્યુ કે કાયમી અશકતતા પહેલાં, પાંચ વર્ષથી ઓછા નહિ તેટલા સમયગાળા માટે સંયુકત રાષ્ટ્ર આંતરરાષ્ટ્રીય નાણાં નિધિ, વિશ્વબેન્ક, વગેરે જેવા કોઈપણ આંતરરાષ્ટ્રીય સંઘટનમાં નોકરીનો લાભ મળ્યો હોય.

(ઘ) માતા-પિતા બન્નેમાંથી પિતા વર્ગ-૧ના અધિકારી (સીધી ભરતીથી કે ૪૦ વર્ષ થતાં પહેલાં (બઢતીથી) હોય અને માતા વર્ગ-૨નાં અધિકારી હોય અને તેમનું મૃત્યું થયું હોય અથવા તે કાયમી અશકતતાથી પીડાતી હોય, અને

(ચ) માતા-પિતા બન્નેમાંથી માતા વર્ગ-૧નાં અધિકારી( સીધી ભરતીથી કે ૪૦ વર્ષ થતાં પહેલાં બઢતીથી) હોય અને પિતા વર્ગ-૨નાં અધિકારી હોય અને તેઓ મૃત્યુ પામ્યા હોય અથવા તે કાયમી અશકતતાથી પીડાતા હોય.પરંતુ નીચેના કેસોમાં બાકાત રાખવાનો નિયમ લાગુ પડશે નહિં.

નીચે જણાવેલ વ્યકિતનાં પુત્રો અને પુત્રીઓ-

(ક) માતા-પિતા બન્ને વર્ગ-૨નાં અધિકારી હોય અને તેમનાં એકનું મૃત્યું થયું હોય અથવા તે કાયમી અશકતતાથી પીડાતા હોય,

નીચે જણાવેલ વ્યકિતનાં પુત્રો અને પુત્રીઓ.

(ક) માતા-પિતા બન્ને વર્ગ-૨નાં અધિકારી હોય અને બન્ને મૃત્યુ પામ્યાં હોય અથવા કાયમી અશકતતાથી પીડાતાં હોય, પરંતુ બેમાંથી એકને તેમના મૃત્યું કે કાયમી અશકતતા પહેલાં પાંચ વર્ષથી ઓછા નહિ તેટલા સમયગાળા માટે સંયુકત રાષ્ટ્ર સંઘ, આંતર રાષ્ટ્રીય નાણાં નિધિ, વિશ્વબેંક વગેરે જેવાં કોઈપણ આંતરરાષ્ટ્રીય સંઘટનમાં નોકરીનો લાભ મળ્યો હોય.

| ૨. | ૩. |
| --- | --- |
| (ગ) જાહેર ક્ષેત્રના ઉપક્રમો વગેરેના કર્મચારી. | ઉપર કક્ષા-"ક" અને "ખ"માં જણાવેલ માપદંડો, જાહેરક્ષેત્રના ઉપક્રમો, બેન્કો, વીમા સંઘટનો, યુનિવર્સિટીઓ,વગેરેમાં સમાન કે સમકક્ષ જગ્યા ધરાવતા અધિકારીઓને તેમજ ખાનગી રોજગાર ક્ષેત્ર હેઠળ સમાન કે સમકક્ષ જગ્યા અને દરજ્જો ધરાવતા અધિકારીઓને ઉચિત ફેરફાર સાથે લાગુ પડશે, આ સંસ્થાઓમાંની જગ્યાઓનું મુલ્યાંકન, સમાન કે સમકક્ષ દરજ્જાના ધોરણે કરવામાં આવે ત્યાં સુધી, આ સંસ્થાઓના અધિકારીઓને, નીચે કક્ષા-૬માં નિર્દિષ્ટ કરેલ માપદંડ લાગુ પડશે. |
| 3. અર્ધલશ્કરી દળો સહિત સશસ્ત્રદળો,(મુલ્કી હોદ્દો ધરાવતી વ્યકિતઓનાં સમાવેશ કરવામાં આવ્યો નથી.) | માતા-પિતા બન્નેમાંથી એક અથવા બન્ને સ્થળ સેનામાં કર્નલના કે તેથી ઉચા દરજ્જા પર હોય અથવા નૌકાસેના, વાયુસેના, અને અર્ધલશ્કરી દળોમાં સમાન હોદ્દા પર હોય તેમનાં પુત્ર(પુત્રો) અને પુત્રી/પુત્રીઓ.<br>પરંતુ શરત એ રહેશે કે :-<br>(૧) સશસ્ત્ર દળના અધિકારીની પત્ની પોતે સશસ્ત્ર દળમાં હોય એટલે કે વિચારણા હેઠળની કક્ષામાં આવતી હોય તો જયારે તે પોતે કર્નલના દરજ્જાએ પહોંચે ત્યારે જ બાકાત રાખવાનો નિયમ લાગુ પડશે.<br>(૨) સેનામાં પતિ અને પત્નીના કર્નલથી નીચેના દરજ્જાને એકત્ર કરીને લક્ષમાં લેવામાં આવશે નહિ.<br>(3) સશસ્ત્રદળના અધિકારીની પત્ની મુલકી સેવામાં હોય તો તે બાબત, બાકાત રાખવાનો નિયમ લાગુ પાડવા માટે ધ્યાનમાં લેવામાં આવશે નહિં સિવાય કે તે બાબત નં.ર હેઠળની સેવા કક્ષામાં આવતી હોય, આવા પ્રસંગે ઉકત બાબતમાં દર્શાવેલ માપદંડ અને શરતો તેને સ્વતંત્ર રીતે લાગુ પડશે. |
| (૪) વ્યવસાયિક વર્ગ તથા વેપાર અને ઉધોગમાં <u>રોકાયેલી વ્યકિતઓ.</u><br>(૧) દાકતર,વકીલ, ચાર્ટડ એકાઉન્ટન્ટ, આવકવેરા સલાહકાર, નાણાં સલાહકાર, અથવા સંચાલન સલાહકાર (Management Consultant) | કક્ષા-૬ સામે નિર્દિષ્ટ કરેલ માપદંડ લાગુ પડશે. |

૧. ૨. ૩.

દાંતના સર્જન, ઈજનેર,સ્થપતિ, કોમ્પ્યુટર નિષ્ણાત, ફિલ્મ કલાકારો, અને ફિલ્મક્ષેત્રના અન્ય વ્યવસાયી વ્યકિતઓ,લેખકો, નાટયકારો, રમતવીરો, વ્યવસાયી રમતવીરો, પ્રસાર માધ્યમક્ષેત્રે વ્યવસાયી વ્યકિતઓ અથવા તેના જેવા દરજ્જાના અન્ય કોઈ વ્યવસાયોમાં રોકાયેલ વ્યકિતઓ.

(૨) વેપાર,ધંધા અને ઉધોગમાં રોકાયેલ વ્યકિતઓ.

કક્ષા-૬ સામે નિર્દિષ્ટ કરેલ માપદંડ લાગુ પડશે.

સ્પષ્ટીકરણ:-

(૧) પતિ કોઈ વ્યવસાય કરતા હોય અને પત્ની વર્ગ-૨ અથવા તેથી નીચેના દરજજાની નોકરી કરતી હોય, ત્યારે આવક/સંપત્તિનો માપદંડ,ફકત પતીની આવકના આધારે જ લાગુ પડશે.

(૨) પત્ની કોઈ વ્યવસાય કરતી હોય અને પતિ, વર્ગ-૨ કે તેથી નીચેના હોદદા પર નોકરી કરતા હોય ત્યારે આવક/સંપત્તિનો માપદંડ, ફકત પત્નીની આવકના આધારે જ લાગુ પડશે, પતિની આવક તેમાં ભેગી ગણવામાં આવશે નહિ.

૫. મિલકત માલિકો

(ક) કૃષિ જમીન ખાતું,

નીચેનાના માલિક હોય તેવા કુટુંબ (પિતા, માતા અને સગીર બાળકો)ના સભ્યોનાં પુત્ર(પુત્રો) અને પુત્રી/પુત્રીઓ:-

(ક) વૈધાનિક ટોચમર્યાદા વિસ્તારના ૮૫ ટકા જેટલી કે તેથી વધારે સંચિત જમીન, અથવા

(ખ) નીચે પ્રમાણે સિંચિત અને બિનસિંચિત એમ બન્ને પ્રકારની જમીન:-

(૧) એવી પૂર્વશરત હોય કે (સામાન્ય વર્ગીકરણ હેઠળ એક જ પ્રકાર નીચે મૂકવામાં આવેલ હોવાથી) સિંચિત વિસ્તાર, સિંચિત જમીન માટેની વૈધાનિક ટોચ મર્યાદાના ૪૦ ટકા કે તેથી વધારે હોવી જોઈએ. (આની ગણતરી બિનસિંચિત ભાગને બાકાત રાખીને કરવાની છે), ત્યારે બાકાત રાખવાનો નિયમ લાગુ પડશે. આ પ્રમાણે ઓછામાં ઓછા ૪૦ ટકા વિસ્તાર હોવો જોઈએ તેવી પૂર્વશરત પ્રવર્તતી હોય, તો જ બિન-સિંચિત જમીનનો વિસ્તાર ગણત્રીમાં લેવામાં આવશે.

| ૧. | ૨. | ૩. |
|---|---|---|
| | | આ ગણતરી પ્રવર્તમાન રૂપાંતર ફોર્મ્યુલાના આધારે બિનસિંચિત જમીનનું સિંચિત જમીનમાં રુપાંતર કરીને કરવામાં આવશે. બિનસિંચિત જમીન પરથી આવી રીતે ગણી કાઢેલ સિંચિત વિસ્તાર, સિંચિત જમીનના આધારે ખરેખર વિસ્તારમાં ઉમેરવાનો રહેશે અને જો આવી રીતે બન્ને વિસ્તાર ભેગા કર્યા પછી સિંચિત જમીનના રુપે કુલ વિસ્તાર સિંચિત જમીન માટેની વૈધાનિક ટોચમર્યાદાના ૮૫ ટકા કે તેથી વધુ હોય, તો બાકાત રાખવાનો નિયમ લાગુ પડશે અને બિન હકદારી ગણાશે. |
| | | (૨) કુટુંબનું જમીન ખાતુ સંપૂર્ણપણે બિનસિંચિત હોય, તો બાકાત રાખવાનો નિયમ લાગુ પડશે નહિ. |
| (ખ) | બગીચા-વાડી (Plantation) | |
| (૧) | કોફી, ચા, રબર વગેરે | નીચે કક્ષા-૬માં નિર્દિષ્ટ કરેલ, આવક/સંપત્તિનો માપદંડ લાગુ પડશે. |
| (૨) | કેરી, સંતરા, સફરજન વગેરેના બગીચા. | કૃષિ જમીન ખાતા તરીકે ગણવામાં આવ્યા છે અને તેથી આ કક્ષા હેઠળના ઉપર્યુકત(ક)માં દર્શાવેલ માપદંડ લાગુ પડશે. |
| (ગ) | શહેરી વિસ્તારો કે શહેરી સમુચ્ચયોમાં ખાલી જમીન અને/અથવા મકાનો. | નીચે કક્ષા-૬માં નિર્દિષ્ટ કરેલ માપદંડ લાગુ પડશે. સ્પષ્ટીકરણ :- મકાનનો ઉપયોગ, રહેણાંક માટે, ઔદ્યોગિક કે વાણિજ્ય હેતુ માટે અને આવા પ્રકારના બે કે તેથી વધુ હેતુઓ માટે કરી શકાશે. |
| ૬. | આવક/સંપત્તિનો માપદંડ | નીચે જણાવેલ વ્યકિતઓનાં પુત્ર/પુત્રો અને પુત્રી/પુત્રીઓ:- (ક) સળંગ ત્રણ વર્ષથી રુ.૧.૦૦ લાખ કે તેથી વધુ કુલ વાર્ષિક આવક ધરાવતી હોય તેવી વ્યકિત અથવા સંપાતિવેરા અધિનિયમમાં નિયત કર્યા પ્રમાણેની મુકિત મર્યાદાથી વધુ સંપત્તિ ધરાવતી હોય તેવી વ્યકિત. (ખ) જેઓ અનામતના લાભ માટે બિન-હકદાર ન હોય, પરંતુ સંપત્તિના અન્ય સ્ત્રોતોમાંથી જેમની આવક, ઉપર(ક)માં દર્શાવેલ આવક/સંપાત્તિના માપદંડની અંદર આવે તેટલી થતી હોય તેવી કક્ષા-૧, ૨, ૩ અને ૫-કમાંની વ્યકિતઓ. |
| | | સ્પષ્ટીકરણ:- (૧) પગારની આવક અને કૃષિ જમીનમાંથી થતી આવકને ભેગી કરીને ગણવામાં આવશે નહિ. (૨) રુપિયાના મૂલ્યમાં થતા ફેરફારને ધ્યાનમાં લઈને રુપિયાના સંદર્ભમાં આવકનો માપદંડ, દર ત્રણ વર્ષે સુધારવામાં આવશે. આમ છતાં, પરિસ્થિતિ એવી હશે તો વચ્ચેનો સમયગાળો ઓછો કરી શકાશે. |

સ્પષ્ટીકરણ:-

આ અનુસુચિમાં " કાયમી અશકતતા " શબ્દ પ્રયોગ આવે ત્યારે તેનો અર્થ " જેના પરિણામે અધિકારીને નોકરીમાંથી દૂર કરવામાં આવે તેવી અશકતતા " એ પ્રમાણે થશે.